સૂરજ હજી આકાશમાં દેખાયો નહોતો. સૌરાષ્ટ્રમાં જેને 'મોંસૂઝણું' કહે તેવું અજવાળું થઈ ગયું હતું. પૂર્વનું આકાશ લાલ હતું. કોઈ પણ ક્ષણે સૂરજદાદા દેખા દેવાની તૈયારીમાં હતા. મુંબઈ શહેરમાં ટ્રાફિક શરૂ થઈ ગયો હતો. આમ પણ મુંબઈ ભાગ્યે જ ઊંઘે છે, સવારના ત્રણથી ચાર-સાડા ચાર કદાચ દોઢેક કલાક માટે સહેજ પોરો ખાતું આ શહેર ચોવીસ કલાક ટ્રાફિકમાં શ્વાસ લે છે. જોકે, ઉનાળામાં મુંબઈ રોજ કરતાં વહેલું જાગે છે. ગરમી શરૂ થાય એ પહેલાં બધા પોતપોતાની ઑફિસ કે નિશ્ચિત સ્થાને પહોંચીને એ.સી.માં ઘૂસી જવા માટે ઉતાવળા હોય છે. મે મહિનાનું છેલ્લું અઠવાડિયું હતું. સ્કૂલ-કૉલેજોમાં વેકેશન ચાલતું હતું, ટ્રાફિક કદાચ એટલે ઓછો હતો. વહેલાં ઊઠીને બાળકોને સ્કૂલે મૂકવા જતી મમ્મીઓ કે પપ્પાઓ જરા નિરાંતની ઊંઘ ખેંચી રહ્યાં હોવાં જોઈએ. સ્કૂલ બસીઝની ગેરહાજરી પણ ખાલી રસ્તાઓ ઉપર જણાઈ આવતી હતી. મુંબઈનો દરિયો પણ જાણે જરાક આળસ મરડીને સુસ્તી ઉડાડતો હોય એમ મરીન ડ્રાઇવના રસ્તાની ધારે આરામથી ફેલાઈને પડ્યો હતો. એનો ઘુઘવાટ પણ સહેજ મંદ થયો હતો. આછા અજવાળાને કારણે દરિયાનાં પાણી ભૂખરાં અથવા જાંબુડી દેખાતાં હતાં.

મરીન ડ્રાઇવ પર ચાલવા આવેલા લોકો સડસડાટ ચાલી રહ્યા હતા.

દરિયો દેખાય એવી સીફેસિંગ વિશાળ બાલ્કની ધરાવતા ફ્લૅટમાં ટૉપ ફ્લોર પર એક સ્ત્રી રેલિંગ પાસે પોતાની કોણી ટેકવીને ઊભી હતી. એના અત્યંત સુંદર ચહેરા પર આખી રાતનો ઉજાગરો સ્પષ્ટ દેખાતો હતો. એ આખી રાત ખૂબ રડી હશે એવું પણ એની સૂઝેલી પણ સુંદર, માછલી જેવી ભૂખરી આંખો ચાડી ખાતી હતી. એણે પહેરેલો નાઇટસૂટ ચોળાઈ ગયો હતો. કમર સુધીના લાંબા વાળને એણે ગોળ લપેટીને બટરફ્લાય ક્લિપ ભરાવી હતી. એમાંથી નીકળી ગયેલી થોડીક લટો એના ચહેરાની આસપાસ એક ફ્રેમની જેમ ઊડી રહી હતી. એ શૂન્ય આંખે આકાશમાં જોઈ રહી હતી.

રસ્તા પર જતા-આવતા, પાળી પર બેઠેલા લોકોને એ સ્ત્રી એવી રીતે જોઈ રહી હતી જાણે એ બધા જીવતા-જાગતા માણસો નહીં, પણ પથ્થરનાં પૂતળાં હોય. એની આંખોમાં રહી રહીને પાણી ધસી આવતાં હતાં.

એની નજર સામે હજી ગઈ કાલે રાત્રે જ, વહેલી સવારે એના ઘરમાં ભજવાયેલું દૃશ્ય રહી રહીને ફરી ભજવાઈ રહ્યું હતું... એને જેટલી વાર એ બધું યાદ આવતું એટલી વાર એની આંખોમાં પાણી ધસી આવતાં.

❖

ગઈ કાલે રાત્રે સાડા ત્રણ વાગ્યે શરાબમાં ધુત, લથડતાં પગલે માધવ દેસાઈ પોતાના ઘરમાં દાખલ થયો ત્યારે એની પત્ની વૈશ્નવી એને શોધવા માટે લગભગ સિત્તેર ફોન કરી ચૂકી હતી. માધવ ઑફિસેથી બપોરે ત્રણ વાગ્યે જ નીકળી ગયો હતો. એ પછી માધવ

ક્યાં ગયો એ વિશે કોઈને ખબર નહોતી. અત્યારે, બાર કલાકની ગુમશૂદા પછી એ ઘરમાં પ્રવેશી રહ્યો હતો. આ બધા કલાકો દરમિયાન એનો ફોન બંધ હતો. સામાન્ય રીતે માધવની આખા દિવસની વિગતો એના પર્સનલ આસિસ્ટન્ટ રાકેશને ખબર જ હોય. મીટિંગમાં કે બહારગામ હોય, અને માધવનો ફોન બંધ હોય કે એનો સંપર્ક ન થાય તો રાકેશને ફોન કરવો એવી સૂચના એણે પોતાની પત્ની વૈશ્નવીને પણ આપી હતી.

પણ, આજે વૈશ્નવીએ જ્યારે રાકેશને ફોન કર્યો ત્યારે એણે ચિંતાતુર અવાજે જવાબ આપ્યો હતો, 'મૅમ, માધવસર ક્યાં ગયા છે એની મને ખબર નથી. તમને ખબર પડે તો મને જણાવજો. થોડો પ્રૉબ્લેમ થયો છે. અહીં બધા એમને શોધે છે.'

માધવનાં માતા-પિતાને, એના મિત્રોને, એના અમુક નજીકના બિઝનેસ અસોસિએટ્સની ઑફિસમાં પણ ફોન કરીને વૈશ્નવીએ તપાસ કરી હતી. એ ક્યાંય નહોતો. ઉચાટમાં અને ઉદ્વેગમાં વૈશ્નવીનું માથું ફાટી રહ્યું હતું. સાંજે પાંચથી રાતના ત્રણ સુધીમાં એણે પાંચ ક્રૉસિન ગળા નીચે ઉતારી દીધી હતી.

રાહ જોઈને થાકેલી વૈશ્નવી ડ્રૉઇંગરૂમમાં જ બેઠી હતી. ડોરબેલ રણકી ત્યારે એણે ઘડિયાળ તરફ જોયું. રાતના ત્રણ વાગીને પાંત્રીસ મિનિટ થઈ હતી. વૈશ્નવી દરવાજો ખોલવા ઊઠે એ પહેલાં એમના ઘરનો નોકર નારાયણ દોડીને આવ્યો. વૈશ્નવી ડ્રૉઇંગરૂમની વચ્ચે જ ઊભી રહી ગઈ, સાડા ત્રણે કોણ હોય! માધવ જ હશે... એણે અદબ વાળીને ગુસ્સામાં માધવના દાખલ થવાની પ્રતીક્ષા કરી. નવ ફૂટ બાય પાંચ ફૂટનો મોટો વજનદાર મુખ્ય દરવાજો નારાયણે પૂરું બળ લગાવીને ખોલ્યો. દરવાજો ખૂલતાં જ એના ટેકે ઊભેલો માધવ ધબ્ દઈને જમીન પર પટકાયો. એનું શરીર અડધું ઉંબરની બહાર અને અડધું ઉંબરની અંદર હતું. નારાયણે એને ઊભો કરવાનો પ્રયત્ન કર્યો, પણ શરાબમાં ધુત છ ફૂટ બે ઇંચના કસરતી શરીરને એમ ઊભું કરવું સહેલું નહોતું. સાડા પાંચ ફૂટના નારાયણનો આધાર લઈને માધવ જેટલી વાર ઊભો થવા ગયો એટલી વાર પોતાના જ વજન, લેધર સોલના શૂઝ અને લપસણી જમીનને લીધે એ જમીન પર પટકાયો. એણે જોયું કે, હૉલમાં અદબ વાળીને ઊભેલી વૈશ્નવી પોતાની તરફ મટકુંય માર્યા વગર તાકી રહી છે.

'શું જુએ છે?' માધવે લસરતી જીભે રાડ પાડી, 'અહીં આવીને મને ઊભો કર.'

'તું જે રીતે પડ્યો છે એ જોતાં તને કોઈ ઊભો કરી શકે એમ નથી.' વૈશ્નવીનો અવાજ પ્રમાણમાં સ્થિર હતો, 'ને જાતે ઊભા થવાની તો હવે તાકાત જ નથી રહી, તારી...' એણે કહ્યું.

'વૉટ ધ હેલ!' માધવે ફરી રાડ પાડી, 'હું ઊભો થઈશ.' કહેતાં કહેતાં એણે નારાયણ ઉપર પોતાનું પૂરું વજન નાખી દીધું. 'જો તું... હું ઊભો થઈશ, તું ત્યાં જ ઊભી રહીને જોતી રહેજે હં...' દરવાજાની બારસાખને એક હાથે પકડીને બીજા હાથે નારાયણના ખભાને દબાવતો એ ઊભો થઈ ગયો, 'જો!' એણે પોતાના બંને હાથ ફેલાવીને વૈશ્નવી સામે જોયું. એની આંખોમાં નશાની સાથે અહંકાર હતો, 'થયો ને ઊભો?' એણે ફરી એટલા

જ જોરથી કહ્યું, 'માધવ દેસાઈ નામ છે, મારું. આખી જિંદગી મારા જ પગ પર ઊભો રહ્યો છું. સાત કંપની ચલાવું છું. એકલા હાથે... એકાદ વાર પડી ગયો, થઈ ભૂલ... તો? તો શું થયું? આટલો ઇશ્યુ શું કરે છે? ઝીરોથી શરૂ કર્યું હતું ને? થઈશ ફરીથી ઊભો...' જે સૂરમાં માધવ બોલી રહ્યો હતો એ સૂર આવા સૉફિસ્ટિકેટેડ બિલ્ડિંગમાં રાત્રે સાડા ત્રણ વાગ્યે કોઈ સંજોગોમાં, કોઈ ન બોલે એવો, લાઉડ અને અસહ્ય સૂર હતો. એના આ મોટા અવાજથી વૈશ્નવીના ચહેરા પર કંટાળો અને શરમ બંને ધસી આવ્યાં હતાં. તેમ છતાં એ આગળ તો ન જ વધી. ત્યાં જ, વિશાળ ડ્રૉઇંગરૂમની વચ્ચોવચ ઊભાં રહીને એ બંને હાથની અદબ વાળીને સામે ઊભેલા માધવને જોતી રહી. એની આંખોમાં જોતાં જ માધવની આંખો ઝૂકી ગઈ.

'ચૂપચાપ અંદર આવ.' વૈશ્નવીના અવાજમાં એક વિચિત્ર સત્તાવાહી અધિકાર હતો, 'આજુબાજુમાં કોઈ જાગશે તો તને આ હાલતમાં જોઈને તારી કિંમત કરશે.'

'કિંમત!' માધવ ત્યાં જ ઊભો ઊભો હસવા લાગ્યો. એ તાળી પાડતો ઘરમાં દાખલ થયો, 'બાપ-દીકરી બંને એક જ શબ્દ સમજે છે, કિંમત.' એણે કહ્યું, પછી મૂર્ખની જેમ હસ્યો, પછી માધવનો અવાજ ગળગળો થઈ ગયો, 'તને નહીં સમજાય, કિંમત! પાંચ કરોડ રૂપિયા ખોયા છે, મેં.' એની આંખમાં પાણી ધસી આવ્યું. બંને હાથે એણે આંખો લૂછી કાઢી. આંખ લૂછવા માટે ઉઠાવેલા હાથને કારણે એનું બૅલૅન્સ ગયું. એના ડોલતા શરીરને સ્થિર કરવા એણે બાજુમાં ગોઠવાયેલા બુદ્ધની મૂર્તિને પકડવાનો પ્રયત્ન કર્યો. માધવનું બૅલૅન્સ ગયું ને સાથે જ ત્રણ ફૂટની એ મૂર્તિ પણ જમીન પર પછડાઈને આઠ-દસ ટુકડામાં વહેંચાઈ ગઈ, 'પાંચ કરોડ રૂપિયા કોને કહેવાય ખબર છે તને?' મૂર્તિ તૂટી ગઈ એની નોંધ પણ લીધા વગર, વૈશ્નવી સાંભળે છે કે નહીં, એનીયે દરકાર કર્યા વગર એ આમતેમ જોતો, બોલતો રહ્યો, 'સૉરી, સૉરી! તને તો ખબર હોય જ ને!' એ કડવું અને પીડા ભરેલું હસ્યો, 'મયૂર પારેખની દીકરી છે તું. ત્રણ હજાર કરોડનો માલિક... તારો બાપ... ને તું એની પ્રિન્સેસ... પાંચ કરોડ તો તારે માટે ટિશ્યુ પેપર છે.' એ હસતો રહ્યો, હવે એની આંખમાંથી વહેતાં આંસુ અટકી શકે એમ નહોતાં. એણે એ આંસુ લૂછવાનો પ્રયત્ન કર્યા વગર શર્ટની બાંય ઘસીને નાકમાંથી વહેતું પાણી અટકાવ્યું.

આ બંનેની દલીલનો એકમાત્ર સાક્ષી નારાયણ ડઘાયેલો ઊભો હતો. એણે છેલ્લાં બે-અઢી વર્ષની એની નોકરીમાં પહેલી વખત આ પતિ-પત્નીને ઝઘડતાં જોયાં હતાં. એ ટેબલ ટેનિસની ગેમ જોતો હોય એમ બાઘો બનીને વારાફરતી બંને તરફ જોતો હતો.

'આ સાફ કર.' વૈશ્નવીએ પતિનો ગુસ્સો નોકર પર ઉતાર્યો, 'શું જુએ છે? સર્કસ ચાલે છે?' નારાયણ તરત જ સૂપડી અને ઝાડુ લેવા અંદરની તરફ દોડી ગયો. એના ગયા પછી વૈશ્નવીએ ફરી ધારદાર નજરે માધવ તરફ જોયું, 'દરેક વાતમાં મારા બાપને વચ્ચે લાવવાની જરૂર નથી. એમણે છેલ્લાં પાંચ વર્ષમાં એક વાર પણ તારું નામ લીધું નથી.' વૈશ્નવીનો અવાજ તરડાઈ ગયો. એણે ભરાયેલા ગળે કહ્યું, 'તારી સાથે સાથે પપ્પા મને

પણ ભૂલી ગયા છે.' વૈશ્નવી બોલતી હતી ત્યારે ડોલતો, ઝૂલતો, ઘરની એક પછી એક ચીજનો આધાર લેતો માધવ એના સુધી પહોંચી ગયો, એણે વૈશ્નવીને પકડવા બંને હાથ પહોળા કર્યા. ફરી એનું બૅલૅન્સ ગયું. નજીક ઊભેલી વૈશ્નવી પર એનું શરીર પછડાય એ પહેલાં વૈશ્નવીએ બંને હાથે એને રોકીને બીજી તરફ ઢાળી દીધો. માધવ ફરી નીચે પડી ગયો, વૈશ્નવી એની મદદ કર્યા વગર અદબ વાળીને જમીન પર પડેલા માધવને જોઈ રહી.

સૂપડી અને ઝાડુ લઈને આવેલો નારાયણ બુદ્ધની મૂર્તિના ટુકડા ભેગા કરી રહ્યો હતો, પણ એની નજર વૈશ્નવી તરફ હતી. 'ડિસ્ગસ્ટિંગ!' વૈશ્નવીએ કહ્યું, એ બેડરૂમ તરફ ઉતાવળે પગલે ચાલી ગઈ.

જમીન પર પડેલો માધવ મોટા અવાજે ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો. કોઈ નિકટનું સ્વજન મૃત્યુ પામ્યું હોય એવી રીતે એ જમીન પર માથું પછાડી-પછાડીને રડી રહ્યો હતો. રડી રહેલા સાહેબને અટકાવવા કે મૅમસાહેબે સોંપેલું કામ પૂરું કરવું, એ બેની વચ્ચે ગૂંચવાયેલો નારાયણ સૂપડી અને ઝાડુ પકડીને આ હસતાખેલતા ઘરમાં આજે પહેલી વાર બનેલી ભયાનક ઘટનાનો સાક્ષી બનીને ઊભો હતો.

વૈશ્નવી અને માધવનાં લગ્નને પાંચ વર્ષ પૂરાં થવા આવ્યાં હતાં. આ પાંચ વર્ષ હનીમૂન જેવાં વીતી ગયાં હતાં. કોઈ દિવસ ઝઘડ્યાં નહોતાં. એમના મિત્રોને, માધવની મમ્મીને, પપ્પાને, આસપાસના લોકોને પણ નવાઈ લાગતી. એ બંને જણાં જાણે એકબીજા માટે જ બન્યાં હોય એવા 'મેડ ફૉર ઇચ અધર' અથવા 'મેઇડ ફૉર ઇચ અધર' હતાં.

આ પાંચ બેડરૂમનું સીફેસિંગ ઘર, ત્રણ ગાડીઓ, બે નોકર સાથે એ વૈભવી જીવન જીવી રહ્યાં હતાં. જોકે, આ બધું છેલ્લાં ત્રણ વર્ષમાં જ ઊભું થયું હતું. એ પહેલાં ખૂબ સંઘર્ષ અને સમસ્યાઓ પણ સાથે જોઈ હતી બેઉ જણે. બે વર્ષ સુધી એક પછી એક જગ્યાએથી રિજેક્શન પામી રહેલા આઇઆઇએમ ગ્રૅજ્યુએટ માધવ દેસાઈને માંડ પહેલી નોકરી મળી હતી. એ નોકરી એના જીવનનું એવું પગથિયું પુરવાર થઈ કે માધવ દેસાઈ આજે સાત કંપનીના ગ્રુપનો સીઈઓ હતો. જીવન અચાનક કોઈ પરીકથા જેવું બની ગયું હતું. આજે, પહેલી વાર એ પરીકથામાં એક ઝટકો આવ્યો હતો.

❖

માધવને જમીન પર પડેલો રહેવા દઈને બેડરૂમમાં ચાલી ગયેલી વૈશ્નવી હવે પોતાનું રુદન રોકી ન શકી. ચહેરો બંને હથેળીઓમાં છુપાવીને એ પણ ધ્રુસકે ધ્રુસકે રડી પડી. એને ખબર હતી કે માધવ કઈ મનોદશામાં હતો...

બપોરે બે વાગ્યે એને સમાચાર મળી ગયા હતા કે શૅરબજારના સટ્ટામાં માધવ પાંચ કરોડ રૂપિયા ગુમાવી ચૂક્યો હતો. છેલ્લાં પાંચ વર્ષમાં જેનો અવાજ પણ નહોતો સાંભળ્યો એ, વૈશ્નવીના પિતા મયૂર પારેખે જાતે ફોન કરીને દીકરીને આ સમાચાર આપ્યા હતા. આ સમાચાર આપતી વખતે મયૂર પારેખના અવાજમાં રહેલો આનંદ વૈશ્નવીનાં હાડકાંને વીંધીને કડકડતી ઠંડીની જેમ પસાર થઈ ગયો હતો.

પિતાએ આપેલા સમાચાર વૈશ્નવી માની શકી નહોતી. આ સાંભળ્યા પછી એણે પહેલો ફોન માધવને કર્યો હતો. માધવનો ફોન સ્વિચ-ઑફ હતો. ડરેલી, ચિંતાતુર વૈશ્નવીએ એ પછી માધવને શોધવાના પ્રયત્નોમાં કશું જ બાકી નહોતું રાખ્યું. ઑફિસમાં કોઈને ખબર નહોતી કે એ ક્યાં ગયો છે, પણ માધવના આસિસ્ટન્ટ રાકેશે સમાચાર સાચા હોવાની પુષ્ટિ કરી આપી હતી. એ પછીનો બધો સમય, 'માધવ કંઈ કરી તો નહીં બેસે ને!'ના ભય હેઠળ વૈશ્નવી રડી-રડીને અડધી થઈ ગઈ. બપોરે ત્રણ વાગ્યાથી તો ઉઘરાણી અને ધમકીના અનેક ફોન શરૂ થઈ ગયા હતા, જેના જવાબ આપતાં વૈશ્નવી થાકી ગઈ હતી. આ બધા પછી અડધી રાત્રે ઘેર પહોંચેલો માધવ પોતાની પીડા કે તકલીફ પત્ની સાથે વહેંચવાને બદલે શરાબમાં ધુત થઈને લથડતો, બકવાસ કરતો પાછો ફર્યો હતો.

એકબીજાથી કશું જ ન છુપાવવું એવું વચન આપીને, ઘર છોડીને, ભાગીને પરણેલાં, છેલ્લાં પાંચ વર્ષથી માત્ર એકબીજાના સહારે જીવી રહેલાં આ બંને જણાં અત્યારે એક જ ઘરના જુદા જુદા રૂમમાં રડી રહ્યાં હતાં...

❖

વૈશ્નવીની ભીની, બંધ આંખોની સામે ભૂતકાળનાં કેટલાંક દશ્યો ફિલ્મની પટ્ટીની જેમ પસાર થઈ રહ્યાં હતાં.

સ્થળઃ અમદાવાદ, પરિમલ ગાર્ડનની બહાર...

હજી સૂરજ હમણાં જ આકાશમાં દેખાયો હતો. ગાર્ડનની બહાર ચાલવા આવેલા લોકો ગપાગપ નાસ્તો કરી રહ્યા હતા. ચાની લારીઓ પર રિઝનેબલ ભીડ હતી. લારી પર વાગી રહેલા રેડિયો પર આર.જે. દેવકીનો સવારનો કાર્યક્રમ મોટા અવાજે સંભળાતો હતો.

ગાર્ડનની બહાર પાર્ક થયેલી ગાડીઓમાં એક ડીપ મૉવ કલરની એસ ક્લાસ મર્સિડીઝ પણ ઊભી હતી. એમાં બે જણાં બેઠાં હતાં. એક, બેચેન અકળાયેલી, રડતી છોકરી, અને બીજો, એને સમજાવી રહેલો છોકરો!

'કમ ઑન!' બાવીસ-ત્રેવીસ વર્ષના એ હૅન્ડસમ છોકરાએ મર્સિડીઝના બંધ કાચની અંદર ડ્રાઇવિંગ સીટ પર બેઠેલી છોકરીના બંને ગાલ પર હાથ મૂક્યા. મર્સિડીઝનો સેલ ચાલુ હતો. બહાર ગરમી શરૂ થઈ ચૂકી હતી, પણ ગાડીની અંદર એકવીસ ડિગ્રી ટેમ્પરેચર હતું. ગાડીમાં ધીમા વૉલ્યુમ ઉપર કોઈ જાઝની ધૂન વાગતી હતી. છોકરાએ રૂપાળી, નાજુક છોકરીની સામે આશાભરી નજરે જોયું, નમ્ર અને સમજાવટભર્યા સ્વરે કહ્યું, 'વૈશ્નવી, માત્ર બે વર્ષનો સવાલ છે. ક્યાં પૂરાં થઈ જશે, એની ખબર પણ નહીં પડે.'

છોકરીની ઉંમર અઢારની હશે. સુખી, સંપન્ન પરિવારની દીકરી હોવાને કારણે એનું શરીર વેલ ડેવલપ્ડ, ત્વચા, વાળ, વેલ મેઇન્ટેન્ડ હતા. એની આંખો કોઈ માછલી જેવી મોટી અને ભૂખરી હતી. દુર્ગાની પ્રતિમાની જેમ લાંબી-લાંબી પાંપણોની સાથે છેડેથી સહેજ ઊંચી, એની આંખો ઉપર તીરછી ભ્રમરો એના ચહેરાને ભયાનક આકર્ષક બનાવતી હતી.

આંખોમાં આટલું આકર્ષણ હોવા છતાં એની ઉંમરને કારણે કે પછી દુનિયાદારી સાથે હજી કામ પડ્યું નહીં હોય છોકરીની આંખોમાં પોતાના એ આકર્ષણ વિશેનો અહંકાર કે ચાલાકીનું નામનિશાન નહોતું. નમણું નાક, કોઈ ચિત્રકારે દોર્યા હોય એવા હોઠ અને બેદાગ તગતગતી ત્વચાથી મઢેલો એનો ચહેરો એકદમ નિર્દોષ હતો.

વૈશ્નવીએ નિરાશાથી ડોકું ધુણાવ્યું, 'નો! નો! નો!' એણે હોઠ લાંબા-ટૂંકા કરીને ખભા ઉલાળ્યા. એના કમરથી નીચે ફેલાયેલા લીસા વાળ હલ્યા, 'હું તને નહીં જવા દઉં.' એણે કહ્યું. એના અવાજમાં એક વિચિત્ર પ્રકારની સત્તાવાહી જીદ હતી, 'બે વર્ષ? ૭૩૦ દિવસ... નેક્સ્ટ લિપ યર છે, એટલે ૭૩૧... અને ૧૭,૫૪૪ કલાક! મારે તારા વગર રહેવાનું? ના... ના... ના...' કહીને એણે પોતાના હાથમાં બાજુમાં બેઠેલા છોકરાનો હાથ પકડી લીધો, 'મેડી! જરાક તો સમજ. હું કેવી રીતે રહીશ?'

એના જવાબ પછી એની બાજુમાં બેઠેલા છોકરાનો ચહેરો સહેજ ઊતરી ગયો. આ છોકરીને કેવી રીતે સમજાવવી એ વિશે ગૂગલ પર કોઈ માહિતી મળે તો સારું... એવો વિચાર છોકરાને આવી ગયો. એણે ફરી એ છોકરીના ગાલ થપથપાવ્યા, 'આટલી સારી ઇન્સ્ટિટ્યૂટમાં આવી મોટી સ્કૉલરશિપ મળી છે, મારી કૅરિયરનો સવાલ છે.' છોકરો સમજાવતો હતો, પણ એના સૂરમાં સ્પષ્ટ હતું કે છોકરીની 'હા' અથવા 'ના' સાથે એને ઝાઝો સંબંધ નહોતો. એણે જવાનું તો નક્કી કરી જ લીધું હતું, પણ છોકરીને લાગતું હતું કે, એની જીદ, એના પ્રેમ કે પછી છેલ્લે એના પિતાના ઉપકાર નીચે દબાયેલા આ છોકરાને પોતે ગમે તેમ કરીને જતો રોકી લેશે. છોકરો ખૂબ હૅન્ડસમ હતો, પણ એની ત્વચા આ છોકરી જેવી ગોરી કે બેદાગ નહોતી. પ્રમાણમાં શ્યામ, ભીનેવાન કહી શકાય એવો આ છોકરો ગાડીમાં બેઠેલો હતો તો પણ એની ઊંચાઈ છ ફૂટથી વધુ જ હશે એવું દેખાઈ આવતું હતું. એનાં કસરતી બાવડાં, પહોળા ખભા, પાતળી કમર જોઈને, એણે પહેરેલાં બ્રાન્ડેડ ગંજી અને ટાઇટ્સ ઉપરથી એ જિમમાં જવાને બદલે અહીંયાં આવ્યો હશે અથવા જઈને આવ્યો હશે કે અહીંથી જવાનો હશે એવું લાગતું હતું. એની જિમબૅગ પાછળની સીટમાં પડી હતી. એ બૅગ ઉપર મોટો 'એમ' ચીતરેલો હતો.

છોકરાનું નામ 'માધવ'. એના નામના પહેલા અક્ષરના મૉનોગ્રાફ સાથે ખાસ ડિઝાઇન કરીને બનાવાયેલી કસ્ટમાઇઝ્ડ લેધરની મોંઘી બૅગ કે એનાં બ્રાન્ડેડ કપડાં અને શૂઝ જોઈને એ છોકરાની આર્થિક સ્થિતિ વિશે કદાચ કોઈ અંદાજ બાંધે તો એ ખોટો પડે, કારણ કે આ બૅગ, કપડાં અને શૂઝ બધું એને મર્સિડીઝમાં બેઠેલી એની 'ગર્લફ્રેન્ડ' વૈશ્નવીની આપેલી ભેટ હતાં.

'વૈશ્નવી, આઇ વિલ મિસ યુ, ટૂ.' માધવે સ્ટિયરિંગ પર મુકાયેલો વૈશ્નવીનો કોમળ હાથ પોતાના હાથમાં લીધો. વચ્ચેની બે આંગળી ઉપર ઝગારા મારતી ડાયમંડ રિંગ અને છેલ્લી આંગળીમાં મોંઘી પન્નાની રિંગ એના લાંબી આંગળીઓવાળા, ડિફાઇન્ડ નેઇલવાળા કોમળ હાથને વધુ સુંદર બનાવતી હતી. માધવ એના હાથને જોઈ રહ્યો, 'પણ, જો ભણવા નહીં

જાઉં તો તારા પપ્પા સામે શું મોઢું લઈને ઊભો રહીશ?' એ સહેજ અકળાયો, 'શું કહીશ એમને? મને તમારી દીકરી ગમે છે, મને ઘરજમાઈ રાખી લો, એમ કહું?' એણે પૂછ્યું. આ કહેતી વખતે માધવના ચહેરા પર બંને વચ્ચેના ક્લાસ ડિફરન્સને કારણે એને જે લઘુતાગ્રંથિ અનુભવાતી હતી એ દેખાયા વગર રહી નહીં.

વૈશ્નવીને કદાચ માધવની તકલીફ કે એની ભીતર રહેલી લઘુતાગ્રંથિ સમજાતી જ નહોતી. એણે કહ્યું, 'એમાં શું પ્રૉબ્લેમ છે? આમ પણ, પપ્પાનું જે કંઈ છે તે મારું છે, ને મારું છે તે તારું છે. હું કહીશ પપ્પાને! કે, આઇ લવ માધવ.' વૈશ્નવીના ચહેરા પર એક આત્મવિશ્વાસથી સભર સ્મિત ઝળકી ઊઠ્યું, 'પપ્પા મને કોઈ વાતની ના નથી પાડતા, ખબર છે ને?'

'ગ્રેટ!' માધવ પોતાની કડવાશ છુપાવી શક્યો નહીં, 'આ મર્સિડીઝની જેમ, ડાયમંડ નેકલેસની જેમ, ગુચીના શૂઝ કે લૂઈ વિત્તોંની બૅગ છું, હું! મને પણ ખરીદી લે. તારા પપ્પાનું ક્રેડિટ કાર્ડ ઘસી નાખ.'

'તું સમજતો નથી.' વૈશ્નવીના અવાજમાં બાલિશ જીદ હતી. એને હજીયે આ છોકરાને થતી પીડા કે એના સ્વમાન પર થયેલો ઉઝરડો સમજાયાં નહોતાં, 'તું બે વર્ષ મુંબઈ ભણવા જાય એ મને મંજૂર નથી. બીજી કોઈ પણ બિઝનેસ સ્કૂલ જૉઇન કરી લે, અમદાવાદમાં,' એણે કહ્યું, 'પછી તો પપ્પાનો બિઝનેસ તારે જ સંભાળવાનો છે ને!'

માધવને એક વાર તો એટલો ગુસ્સો આવ્યો કે એ ગાડીમાંથી ઊતરી જાત. એ થોડી ક્ષણ વૈશ્નવીની આંખોમાં જોતો રહ્યો, પછી બને એટલો સંયમ રાખીને એણે જવાબ આપ્યો, 'આઇઆઇએમમાં ઍડમિશન લેવા માટે દર વર્ષે અઢી લાખ લોકો પરીક્ષા આપે છે, એમાંથી માત્ર ૨૪૦૦ ઍડમિશન થાય છે. એક ટકા કરતાં પણ ઓછાં.' માધવના ચહેરા પર એને આવી ઇન્સ્ટિટ્યૂટમાં ઍડમિશન મળ્યાનું ગૌરવ છલકાયું. એણે ઉમેર્યું, 'એમાંથી કેટલાને સ્કૉલરશિપ મળે છે? વીસ આઇઆઇએમમાંથી માત્ર ૧૧૨ સ્કૉલરશિપ છે. હું અઢી લાખમાંથી પસંદ થયેલા ૧૧૨ સ્ટુડન્ટ્સમાં છું. તને આ વાતનું મહત્ત્વ સમજાય છે?'

વૈશ્નવીએ એની નિર્દોષ આંખો પટપટાવી, ડોકું ધુણાવીને હા પાડી, 'હું સમજું છું.' એણે કહ્યું તો ખરું, પણ એ સમજતી હોય એવો એક પણ ભાવ એના ચહેરા પર નહોતો. એણે ફરી કહ્યું, 'તું ન જા ને...' પોતાનો મુદ્દો પકડી રાખીને એણે ઉમેર્યું, 'હું પપ્પાને કહીને મારા ભાગનો શૅર તને અપાવી દઈશ. હમણાં જ તું ફૅમિલી બિઝનેસ જૉઇન કરી લે, ભણવાની ક્યાં જરૂર છે?'

'ડ્રાઇવરના દીકરાને માલિકની દીકરીનો શૅર ન મળે, મૂરખ!' માધવે સહેજ કડવાશથી કહ્યું, 'મારે તારી સાથે લગ્ન કરવાં હશે, તારા બાપાને એટલા પૈસા બતાવવા પડશે જે જોઈને એ તારો હાથ મારા હાથમાં મૂકતાં અચકાય નહીં.' આટલું કહીને એણે નિઃશ્વાસ નાખ્યો, 'એ પછી પણ કદાચ હા નહીં પાડે. અત્યાર સુધી એમનો ઉપકાર છે મારા પર.' એની આંખોમાં પાણી ધસી આવ્યાં, 'એમના પૈસે ભણ્યો છું.' એણે બારીના કાચની બહાર જોયું, 'પડ્યો હોત ક્યાંક મ્યુનિસિપલ સ્કૂલમાં, જો એમણે મારી મદદ ન કરી હોત તો.'

'રબિશ!' વૈશ્નવી હજી પણ મુદ્દાની સિરિયસનેસ સમજતી નહોતી, એણે વહાલથી પોતાના બંને હાથ બાજુની સીટમાં બેઠેલા માધવના ગળામાં નાખ્યા, 'અમારા ફૅમિલીમાં કોઈ ભણતું જ નથી. એમને ભણાવવાનો શોખ છે એટલે ભણાવે છે તને.' કહીને એણે પોતાનો ચહેરો આગળ કર્યો. માધવના હોઠ પર હોઠ મૂકી દીધા. સ્ટ્રૉબેરી ટેસ્ટની લિપસ્ટિક, ડેવિડ હૉફના પર્ફ્યૂમની સુગંધ અને કોમળ હોઠના સ્પર્શથી આરંભી દેવાયેલા ચુંબન સામે માધવને શબ્દો અને સંયમ બંને ખૂટી પડ્યા.

❖

આજે પણ, એ બંનેના હોઠ બંધ હતા... આજે પણ, બંને પાસે શબ્દો ખૂટી પડ્યા હતા. એ દિવસે એકબીજાના બાહુપાશમાં બંધાયેલાં બે જણાં વચ્ચે આજે અનેક દીવાલો હતી.

આજે પાંચ બેડરૂમના લક્ઝરી અપાર્ટમેન્ટના બેડરૂમમાં સૂતેલી વૈશ્નવી વિચારી રહી હતી કે પોતે જેને છેલ્લાં પાંચ વર્ષથી દિલ ફાડીને ચાહતી હતી એ માણસ સાચો હતો કે ગઈ કાલે રાત્રે શરાબના નશામાં ધુત પાછો ફરેલો માધવ? પિતાનું ઘર, પૈસા અને પ્રતિષ્ઠા દાવ પર લગાડીને પોતે જેને પરણી હતી એ માધવ, અને ગઈ કાલ રાત્રે બેફામ બરાડી રહેલો માધવ બંને જાણે જુદા માણસો હતા. એની સામે આજે જિંદગીનો સૌથી અઘરો સવાલ રાક્ષસની જેમ જડબાં ફાડીને ઊભો હતો.

લાંબા સંઘર્ષ પછી હજી બે વર્ષથી જિંદગી માંડ થાળે પડી હતી. જિંદગી હવે એક નવા વળાંકે ઊભી હોય એવું લાગતું હતું, ત્યાં જ આ નવો સવાલ આવીને ઊભો રહી ગયો હતો.

'પાંચ કરોડ રૂપિયા...' વૈશ્નવી વિચારતી હતી, 'એવો કયો સટ્ટો કરવાની જરૂર પડી હશે, માધવને!' એને સમજાતું નહોતું, 'કઈ રીતે ચૂકવશે પૈસા!' આ ઘર એમનું નહોતું. કંપનીએ આપેલું હતું. ગાડી અને બીજી બધી સવલતો-કંપનીની હતી. માધવનો પગાર સારો હતો, પણ પાંચ કરોડ રૂપિયા એક રાતમાં ચૂકવી શકે એવા પૈસા નહોતા હજી એમની પાસે!

ગઈ કાલે સટ્ટામાં પાંચ કરોડ રૂપિયા ગુમાવી ચૂકેલા માધવ સાથે ફરી એક વાર સંઘર્ષની જિંદગી શરૂ કરવી કે એના પિતા મયૂર પારેખે ગઈ કાલે બપોરે ફોન કરીને એને જ્યારે આ પાંચ કરોડના નુકસાન વિશે સમાચાર આપ્યા ત્યારે ઘેર પાછા ફરવાની સલાહ આપી હતી એ માની લેવી... વૈશ્નવી ફરી એક વાર પસંદગીના દોરાહા પર આવીને ઊભી હતી.

❖

'મેં તો પહેલાં જ કહ્યું હતું,' મયૂર પારેખે ગઈ કાલે પાંચ વર્ષ પછી પહેલી વાર પોતાની દીકરી સાથે વાત કરી હતી અને એ પણ એક ખરાબ સમાચાર આપવા માટે, 'એવો ભયાનક પછડાયો છે કે હવે ઊભો નહીં થઈ શકે. એની સાથે સાથે તું પણ હેરાન થઈશ. પાછી આવી જા. હું તને માફ કરવા તૈયાર છું.' મયૂર પારેખની વાત સાંભળીને વૈશ્નવીને

ચક્કર આવી ગયાં હતાં. પાંચ કરોડ રૂપિયા! રાતોરાત આટલા બધા પૈસા માધવ નહીં ચૂકવી શકે એ વાત વૈશ્નવી પણ સમજતી હતી, પરંતુ માધવ હતો ક્યાં?

વૈશ્નવીએ આખી બપોર માધવને શોધવા મરણિયા પ્રયાસ કર્યા હતા. એ દરમિયાન ઉઘરાણીના ફોન આવવા શરૂ થઈ ગયા હતા. સટ્ટાના બુકી, એના માણસો અને લેણદારોના ફોન ઉપર વૈશ્નવીએ ગઈ કાલ બપોરથી આજ સુધીમાં એવા શબ્દો સાંભળ્યા હતા, જે એણે જિંદગીમાં પહેલાં ક્યારેય નહોતા સાંભળ્યા. માધવને શોધવા માટે ફોન કરનારા લોકોના અપશબ્દો, આક્ષેપો અને ગલીચ વાતો સાંભળી-સાંભળીને એ થાકી ગઈ હતી. અત્યારે, એ પોતાના બેડરૂમમાં પિતાએ કહેલા શબ્દો યાદ કરી રહી હતી. 'પાછી આવી જા, બેટા!'

માધવને આ સ્થિતિમાં છોડીને જવાનો તો સવાલ જ નહોતો! પરંતુ પિતાની વાત સાચી પડી એ વાતે વૈશ્નવીનું ગૌરવ હણાયું હતું. એનો વિશ્વાસ તૂટ્યો હતો. આજથી પાંચ વર્ષ પહેલાં માધવ ઉપરના અતૂટ વિશ્વાસ અને પોતાના પ્રેમના ભરોસે વૈશ્નવી પોતાના પિતા મયૂર પારેખની અબજોની મિલકતને છોડીને નીકળી ગઈ હતી. એ જ્યારે લગ્ન કરીને પિતાને પગે લાગવા ગઈ ત્યારે એના પિતાએ એને એક તમાચો મારીને કહ્યું હતું, 'જ્યાં સુધી પછડાઈશ નહીં ત્યાં સુધી મારી વાત નહીં સમજાય.' એમણે માધવ સામે આંગળી ચીંધીને કહ્યું હતું, 'આ કોઈનો નહીં થાય.' એ પછી વૈશ્નવીના પિતાએ આગઝરતી આંખે માધવ સામે જોઈને કહ્યું હતું, 'નમકહરામ. તને એક પિતાની હાય લાગશે.' એમણે ખૂબ દુઃખ અને હતાશાથી વૈશ્નવીને શ્રાપ આપતા હોય એમ કહ્યું હતું, 'મા-બાપને દૂભવ્યાં છે તેં. અમારી લાગણીને, વિશ્વાસને છેતર્યાં છે. તું પસ્તાઈશ! બહુ પસ્તાઈશ.'

'હું તમને ખોટા પાડીશ.' વૈશ્નવીએ આત્મવિશ્વાસપૂર્વક માધવનો હાથ પકડીને પિતા સામે જોયું હતું, 'મારો નિર્ણય સાચો છે એવું તમારે સ્વીકારવું પડશે.'

'ને ખોટી પડીશ તો?' મયૂરભાઈએ પૂછ્યું હતું.

'તો તમારી માફી માગીશ.' વૈશ્નવી પણ એમની જ દીકરી હતી. એટલી જ જિદ્દી, એટલી જ સ્વમાની અને આત્મવિશ્વાસથી સભર હતી એ. એણે પિતાની કડવાશને મન પર લીધા વગર જ કહ્યું હતું, 'જો ખોટી પડીશ તો તમે કહેશો એમ કરીશ.' આટલું કહીને થોડાં ડગલાં દૂર ઊભેલા પિતાની ચરણરજ લેવા નીચી નમીને, એમને પ્રણામ કરીને, વૈશ્નવી નીકળી ગઈ હતી. મયૂર પારેખ ભીની આંખે પોતાની એકની એક દીકરી, કાળજાના ટુકડાને નજરથી દૂર જતો જોઈ રહ્યા હતા. એ દિવસ પછી પિતા-પુત્રી વચ્ચે છેલ્લાં થોડાં વર્ષોમાં ક્યારેય વાત થઈ નહોતી.

ભયાનક સંઘર્ષના દિવસોમાં, બંને પાસે નોકરી નહોતી અને લગભગ ખાવાના સાંસા હતા એવી સ્થિતિમાં પણ વૈશ્નવીએ પિતાને ફોન નહોતો કર્યો, કે ન મયૂર પારેખે પોતાની દીકરીની ખબર કાઢવાની તસ્દી લીધી હતી.

❖

'મયૂર પારેખ બોલું છું.' પાંચ વર્ષ પછી આ ચાર શબ્દો સાંભળતાં જ વૈશ્નવીના રોમે રોમ હર્ષથી છલકાઈ ગયાં. પોતાના સેલફોન પર એણે પિતાનું નામ વાંચ્યું ત્યારે જ એની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં હતાં. ફોન ઉપાડતાં પહેલાં એણે આંખો લૂછી નાખી. ફોન ઉપાડીને એ કંઈ બોલી શકી જ નહીં, એનું ગળું ભરાઈ આવ્યું હતું. એ પિતાની ક્ષમા-સ્નેહ ભરેલા શબ્દોની પ્રતીક્ષા કરી રહી હતી ત્યાં જ મયૂર પારેખે એને માધવે સટ્ટામાં ગુમાવેલી રકમના સમાચાર આપ્યા હતા. વૈશ્નવી આઘાતમાં ઢગલો થઈને બેસી પડી હતી.

પાંચ વર્ષે પિતા સાથે વાત થઈ, પણ કેવી?

❖

માધવ સાથે લગ્ન કરવા માટે વૈશ્નવી ઘર છોડીને ગઈ એ પછી મયૂર પારેખે પોતાની પત્ની, વૈશ્નવીની મમ્મી સંધ્યાબહેનને સ્પષ્ટ સૂચના આપી દીધી હતી કે જો એ વૈશ્નવી સાથે સંબંધ રાખવાનો પ્રયત્ન કરશે કે દીકરીને મળશે તો એમણે પણ મયૂર પારેખનું ઘર છોડી દેવું પડશે... એક વાર પિતાની ગેરહાજરીમાં માને મળવા આવેલી વૈશ્નવીને પોતાના જ ઘરમાં મયૂર પારેખે પકડી પાડી હતી. એમને શક હતો જ. એમણે વૉચમૅનને સૂચના આપી હતી. જેવી વૈશ્નવી ઘેર આવી કે વૉચમૅને ફોન કરીને માલિકને જણાવ્યું હતું. ઑફિસથી સીધા ઘેર આવેલા મયૂરભાઈએ બે જ વાક્યમાં પોતાની વાત કહી દીધી હતી, 'આજ પછી ક્યારેય અહીં નહીં આવતી, નહીં તો હું પોલીસ બોલાવીશ ને ટ્રેસ પાસિંગમાં તને પકડાવી દઈશ' એમણે પત્નીને કહ્યું હતું, 'રસ્તામાં મળી જાય તો પણ એની સાથે વાત કરતી તને જોઈશ તો હું તારી સાથે જીવનભર નહીં બોલું.'

એ પછી સંધ્યાબહેને રડતાં રડતાં દીકરીને ભેટીને કહી દીધેલું, 'મારે માટે તો તારા પપ્પા કહે એ પૂર્વ દિશા. આ ઉંમરે એ કાઢી મૂકે તો ક્યાં જાઉં?' વૈશ્નવી અને સંધ્યાબહેન બંને જાણતાં હતાં કે મયૂરભાઈ ક્યારેય પોકળ ધમકી આપતા નહીં. એમણે કહ્યું હતું એટલે સાચે જ કાઢી મૂકતાં નહીં અચકાય એવી સંધ્યાબહેનને ખાતરી હતી. મા-દીકરી એકબીજાને છેલ્લી વાર ભેટ્યાં એ ક્ષણને પણ વર્ષો થઈ ગયાં હતાં.

એક વાર મા-દીકરી એકબીજાને મળ્યાં હતાં, પરંતુ મયૂરભાઈ સાથે હતા. સંધ્યાબહેને ભીની આંખે મોઢું ફેરવી લીધું હતું. મયૂરભાઈના ચહેરા પર આ જોઈને પીડાને બદલે સ્મિત આવ્યું હતું. એ જોયા પછી વૈશ્નવીએ પણ પોતાનું મન વાળી લીધું હતું. ધીરે ધીરે વૈશ્નવીએ પિતાનો આ ધિક્કાર કે તિરસ્કાર સ્વીકારી લીધો હતો, પરંતુ છેલ્લાં બે વર્ષ દરમિયાન માધવની પ્રગતિ જે ઝડપે થઈ રહી હતી એ પછી વૈશ્નવીએ ફરી એક વાર પિતાનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો. પોતે તકલીફમાં છે માટે સંબંધ રાખવાનો પ્રયત્ન કરે છે એવું ન લાગે માટે સંઘર્ષનાં ત્રણ વર્ષ દરમિયાન એણે પિતાનો સંપર્ક નહોતો કર્યો, પરંતુ છેલ્લાં બે વર્ષ દરમિયાન એ પિતાના જન્મદિવસે, મમ્મીના જન્મદિવસે, મમ્મી-પપ્પાની ઍનિવર્સરી પર, દિવાળી પર અને ન્યૂ યર ઉપર મેસેજ કરીને પોતાની લાગણી વ્યક્ત કરવાનું ચૂકતી

નહીં. જવાબ નહીં જ આવે એવી ખાતરી હતી, તેમ છતાં એ પોતાની ફરજ પૂરી કરતી.

❖

પલંગમાં ભીની આંખો મીંચીને સૂતેલી માધવીનું મન ખૂબ ઉદાસ હતું. ગઈ કાલે રાત્રે જે થયું તે પછી એને પાંચ વર્ષમાં પહેલી વાર, માધવ સાથે લગ્ન કર્યાનો અફસોસ થયો હતો. એણે કોઈ દિવસ નહોતું ધાર્યું કે માધવ આટલો અને આવો બદલાઈ જશે. માધવના મનમાં પૈસાની બાબતમાં કેટલીક લઘુતાગ્રંથિ હતી, એને પોતાનું સ્ટેટસ વૈશ્નવીના પિતાની બરોબર કરવું હતું, મયૂર પારેખને દેખાડી આપવું હતું... આ બધું વૈશ્નવી જાણતી હતી, પરંતુ એણે કોઈ દિવસ માધવ સાથે પોતાના પિતાની સરખામણી નહોતી કરી. એ જ્યારે માધવના પ્રેમમાં પડી હતી, ત્યારે ચૌદ વર્ષની હતી ને માધવ વીસનો. જિંદગીનાં કડવાં સત્યો અને 'અભાવ'ની પૂરેપૂરી સમજણ હતી, માધવ દેસાઈને. નાનપણમાં જ પિતાને નજીવી રકમ માટે મહેનત કરતાં, અને માને ઘરમાં બે છેડા ભેગા કરવા માટે તડજોડ કરી જોઈને ઉછરેલો માધવ, એનાં ભાઈ-બહેનો કરતાં જુદો, અતિશય તેજસ્વી અને મહત્ત્વાકાંક્ષી હતો.

માધવ આમ તો વૈશ્નવીના પિતા મયૂર પારેખના ડ્રાઇવરનો દીકરો હતો. મયૂરભાઈએ એના ગુણો બાળપણમાં જ ઓળખીને માધવના શિક્ષણની જવાબદારી પોતાના માથે લીધી. વૈશ્નવીની સાથે એની મોંઘી સ્કૂલમાં ભણવા મૂક્યો. ઇન્ટરનૅશનલ બોર્ડની સ્કૂલમાં મયૂરભાઈની દીકરી જે ન કરી શકી એ ડ્રાઇવરના દીકરાએ કરી બતાવ્યું. સુપર ગ્રેડ્સ અને દરેક પ્રવૃત્તિમાં આગળ રહેતા માધવને બારમા ધોરણ પછી એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સમાં સ્કૉલરશિપ મળી. ગ્રૅજ્યુએશન પૂરું કરીને એણે કંપની સેક્રેટરીનો કોર્સ કર્યો.એની ઇચ્છા આઇઆઇએમમાં ભણવાની હતી, પરંતુ હવે એ મયૂરભાઈના માથે બોજ બનવા માગતો નહોતો. 'કૅટ'ની પરીક્ષામાં એનો એટલો ઊંચો સ્કોર આવ્યો કે એને ભારત સરકાર તરફથી સ્કૉલરશિપ મળી. આઇઆઇએમના તેજસ્વી વિદ્યાર્થીઓને મળતું ફ્રી રેસિડેન્સ પણ એને ઑફર કરવામાં આવ્યું...

એકસાથે ઊછરી રહેલાં બે બાળકો વચ્ચે મયૂરભાઈએ ક્યારેય તફાવત રાખ્યો નહોતો. માધવ એમના ઘરનો દીકરો જ બની ગયો હતો. વૈશ્નવીથી ત્રણ ધોરણ આગળ ભણતો માધવ એને મૅથ્સ અને સાયન્સ ભણાવવા આવતો. અબજોપતિ અને ડાયમંડ કિંગ ગણાતા મયૂર પારેખની એકની એક દીકરી પુસ્તકના પાઠ ભણતાં-ભણતાં હોશિયાર, તેજસ્વી, સંસ્કારી અને પ્રામાણિક, પરંતુ ગરીબ ડ્રાઇવરના દીકરાના પ્રેમમાં ક્યારે પડી ગઈ એની મયૂરભાઈને તો ખબર ન જ પડી, પરંતુ વૈશ્નવીને પોતાને પણ એની ખબર નહોતી રહી.

❖

આજે એણે સાડા પાંચ વર્ષે પિતાનો અવાજ સાંભળ્યો હતો, 'મયૂર પારેખ બોલું છું.' એમના અવાજમાં હજીયે એ જ કડક મિજાજ અને વૈશ્નવી પરત્વેની પીડામિશ્રિત કડવાશ અકબંધ હતી.

'પપ્પા!' વૈશ્નવીનો અવાજ ધ્રૂજી ગયો હતો, 'કેમ છો?' એની આંખોમાં આંસુ ધસી આવ્યાં ને હોઠ પર સ્મિત, 'તમારો અવાજ સાંભળીને સારું લાગ્યું. મને ખાતરી હતી કે એક દિવસ તમે મને માફ કરશો.'

'માફીનો સવાલ જ નથી આવતો.' મયૂરભાઈનો અવાજ કોઈ ઠંડી તલવારની ધાર જેવો હતો, 'મેં તને સમાચાર આપવા માટે ફોન કર્યો છે. આખરે મારી વાત સાચી પડી. આ છોકરો તને રસ્તા પર લઈ આવ્યો છે.' એમણે સહેજ અટકીને ઉમેર્યું, 'મારે માટે આનંદના ને તારે માટે આઘાતના સમાચાર છે, આ.'

વૈશ્નવીનું હૃદય એક થડકારો ચૂકી ગયું, 'વાત શું છે, પપ્પા?' એણે પૂછ્યું.

'હરામખોર! માણસે ઓકાતમાં રહેવું જોઈએ, પણ ડ્રાઇવરનો દીકરો શૅરબજારનો સટ્ટો કરવા ગયો એમાં પાંચ કરોડ રૂપિયા હારી બેઠો છે.' મયૂર પારેખનું અટ્ટહાસ્ય વૈશ્નવીનાં હાડકાંને વીંધીને કડકડતી ઠંડીની જેમ પસાર થઈ ગયું હતું. વૈશ્નવી એક અક્ષર બોલી શકી નહોતી. મયૂર પારેખે સગી દીકરીને સણસણતી સંભળાવી હતી, 'ફ્લૅટ તો તમારો છે નહીં. પગારમાં બચાવી બચાવીને કેટલા બચાવ્યા હશે? તારો વર જાત વેચી નાખશેને તોય પાંચ કરોડ ભરપાઈ નહીં થાય... ઇકબાલ પાસેથી દસ ટકાએ લીધા છે, તારા વરે... સાંજ પહેલાં તો ઇકબાલના માણસો આવી પહોંચશે.' મયૂર પારેખે હસતાં હસતાં ઉમેર્યું હતું, 'બહુ ઊડ્યો બે વરસ. રસ્તા પર આવી ગયો, પાછો. જેની જે ઓકાત હોયને એણે ત્યાં જ રહેવું જોઈએ. આવાં ફુદ્દાં બહુ ઊંચે ઊડેને, તો બહુ ઊંચેથી પછડાય...' કહીને મયૂર પારેખ ફરી એવું જ, કડવું હસ્યા હતા.

'તમને આ જાણીને આનંદ થયો? પપ્પા!' વૈશ્નવીનું ડૂસકું છૂટી ગયું હતું. એણે રડતાં રડતાં પૂછ્યું હતું, 'તમે કેમ આટલું ધિક્કારો છો એને? શું ગુનો છે એનો? મને પરણ્યો એ?'

એનું રુદન મયૂરભાઈને પીગળાવી શક્યું નહોતું, 'સાલો! નમકહરામ.' એમના અવાજમાં ભારોભાર કડવાશ હતી, 'ભૂલ તો મારી જ છે. એ હરામીને તમારી જોડે સ્કૂલમાં મોકલ્યો, ઘરનો છોકરો માનીને રમવા દીધો, પરિવારના સભ્યની જેમ રાખ્યો. એણે તો સિરિયસલી લઈ લીધું.' બાપ-દીકરી બંને થોડીક ક્ષણ ચૂપ થઈ ગયાં, પછી મયૂરભાઈએ ઉમેર્યું, 'એણે પૈસા માટે તને ફસાવી. જે ઘરમાં ખાધું, જેણે ભણાવ્યો એના જ પરિવાર પર થૂંક્યો. ધિક્કારું નહીં? મારે તો એને તરફડતો, કરગરતો, રડતો-કકળતો જોવો છે... ત્યાં સુધી ટાઢક નહીં થાય મારા હૈયાને.'

'આટલું બધું વેર?' વૈશ્નવી પોતાના પતિની વિરુદ્ધ કંઈ જ સાંભળવા તૈયાર નહોતી, 'કોણ ક્યાં જન્મે એ નક્કી કરવાનો અધિકાર માણસને નથી મળતો, પપ્પા... પણ માણસ ક્યાં જીવે એ તો પોતે જ નક્કી કરે ને? એ ડ્રાઇવરનો દીકરો છે, એટલે એણે ડ્રાઇવર જ બનવું એવું કોણ નક્કી કરે? એ પોતાની મહેનતથી અને હોશિયારીથી સાત કંપનીના ગ્રૂપનો સીઈઓ છે.'

'હતો.' મયૂરભાઈ હસ્યા, 'હવે નહીં રહે.' આટલું કહીને એ હુકમનું પાનું ઊતર્યા, 'નોકરી જશે. ફ્લૅટ ખાલી કરવો પડશે. ઉઘરાણીથી બચવા મુંબઈ તો છોડવું જ પડશે, અમદાવાદમાં હું નહીં ઘૂસવા દઉં. ક્યાંય ટકીને નહીં રહી શકે. ગામેગામ ભટકતાં થઈ જશો.'

'ને તમે જોઈ રહેશો, આ બધું?' વૈશ્નવીથી પુછાઈ ગયું, 'તમારાં દીકરી-જમાઈને ભટકવા દેશો?'

'અફકોર્સ!' મયૂરભાઈના પેટનું પાણી પણ હલ્યું નહીં, 'જેવું કરે તેવું ભરે. સટ્ટાબજારનો નિયમ છે, જે રમે એણે ચૂકવવાના.' બે-ચાર ક્ષણ ચૂપ રહીને એમણે ઉમેર્યું, 'હજી તો ઘણું બધું થશે. એ ડ્રાઇવરનો છોકરો જીવતો બચી જાય ને, તો આભાર માનજે ભગવાનનો. બાકી ઇકબાલનો રૂપિયો એ આંતરડાં ખેંચીને વસૂલે છે.' મયૂરભાઈ હસ્યા.

'શું બોલો છો, પપ્પા?' વૈશ્નવીનો અવાજ ધ્રૂજી ગયો.

'હું આ દુનિયાનો પુરાણો પાપી છું. તું તો બાળક છે. જે દુનિયામાં તને ઉછેરી છે એ પરીઓની, ચૉકલેટની, ટેડી બેઅરની દુનિયા છે. તું શું જાણે? એક આખી જુદી દુનિયા છે, આપણી દુનિયાની નીચે, અંડરવર્લ્ડની.' હવે એમના અવાજમાં સહેજ ભયની ધ્રુજારી ભળી, 'ઇકબાલના માણસો છોડશે નહીં. એક-એક રૂપિયો વસૂલી લેશે.' એમના અવાજમાં અચાનક સ્નેહની સુગંધ આવી, વૈશ્નવીને, 'બેટા! પાછી આવી જા. એ લોકો તને પણ નહીં છોડે.' કહીને એમણે ઉમેર્યું, 'હું બધું ભૂલી જઈશ. તું એને એના હાલ પર છોડી દે.' એમણે સહેજ અચકાઈને ઉમેર્યું, 'એના પાપે હું તને બરબાદ થતી નહીં જોઈ શકું.'

'મારો પતિ તકલીફમાં છે ત્યારે હું એને છોડીને નીકળી જાઉં? આવા સંસ્કાર આપ્યા છે તમે મને?' વૈશ્નવીથી પુછાઈ ગયું, 'એ તમને ગમતો હોય કે નહીં, મારો પતિ છે. સુખ-દુઃખમાં સાથ નિભાવવાના સોગંદ લીધા છે અમે.' વૈશ્નવીનું ગળું ભરાઈ આવ્યું, 'આઇ લવ હિમ.'

'લવ-બવ બધું અવળું નીકળી જશે.' મયૂરભાઈનો સૂર સાવ બદલાઈ ગયો હતો, 'પૈસા નહીં મળે તો તને ઉપાડી જાય એવા લોકો છે આ બધા.' મયૂરભાઈનો અનુભવ ખોટો નહોતો, એમણે કહ્યું, 'એ હરામખોરે જે કૂંડાળામાં પગ મૂકી દીધો છે એમાંથી નીકળી નહીં શકે હવે. એની પાસે બે જ રસ્તા છે, કાં તો આપઘાત કરશે અને નહીં તો દેશ છોડીને ભાગી જશે... બીજો કોઈ રસ્તો જ નથી છોડ્યો એણે પોતાને માટે, પણ તું શું કરીશ? તું શું કામ એની સાથે ભાગેડુની જેમ રખડતી ફરીશ? મયૂર પારેખની દીકરી છે તું... મારું જે કંઈ છે એ તારું જ છે.' મયૂરભાઈએ કહ્યું, 'પડતો મૂક એને. પાછી આવી જા.' એમણે વૈશ્નવીને ફરીથી સમજાવવાનો પ્રયત્ન કરી જોયો, 'જ્યાં સુધી તું એની સાથે સુખે-દુઃખે રહેતી હતી ત્યાં સુધી તારી સામે પણ નથી જોયું મેં. હવે મારો ઈગો, પ્રતિષ્ઠા અને ગુસ્સો બધું બાજુએ મૂકીને તને વિનંતી કરું છું, પાછી આવી જા બેટા. આવતી કાલ સવારે જે થવાનું છે એની કલ્પના પણ મને ધ્રુજાવી મૂકે છે.'

વૈશ્નવીનો અવાજ દઢ હતો, 'આવીશું તો બંને આવીશું, હું એકલી નહીં આવું તમારે ત્યાં.'

મયૂરભાઈનો અવાજ અચાનક સુક્કો થઈ ગયો, 'એને માટે મારા ઘરમાં કોઈ જગ્યા નથી.' એમણે છેલ્લું વાક્ય કહી નાખ્યું, 'હું આવતી કાલ સવાર સુધી તારી રાહ જોઈશ. તું બપોરના બાર પહેલાં જો ઘેર પાછી નહીં ફરે તો હું માની લઈશ કે તેં તારું નસીબ જાતે પસંદ કર્યું છે. એ પછી તારી બરબાદી પર રડીશ પણ નહીં હું.' આટલું કહીને એમણે ફોન કાપી નાખ્યો.

સેલફોન હાથમાં પકડીને વૈશ્નવી એના સ્ક્રીન સામે જોતી રહી. એનું ભેજું સુન્ન થઈ ગયું હતું. કાનમાં જાણે તમરાં બોલતાં હતાં. માથું ચક્કર-ચક્કર ફરવા લાગ્યું હતું. ગળું સુકાવા લાગ્યું. ફોન ટેબલ પર મૂકીને એ બે ગ્લાસ પાણી પી ગઈ. થોડીક ક્ષણ એમ જ બેસી રહી, પછી એણે માધવનો સેલફોન લગાડ્યો. ફોન સ્વિચ-ઑફ હતો... વૈશ્નવીનું બ્લડપ્રેશર વધવા લાગ્યું. જેમ સમય વીતતો ગયો તેમ તેમ એને સમજાતું ગયું કે કંઈક ભયાનક બન્યું છે, માધવનો સેલફોન કદી સ્વિચ-ઑફ ન હોય, પણ આજે એનો ફોન બંધ હતો એટલું જ નહીં, એનો આસિસ્ટન્ટ પણ નહોતો જાણતો કે માધવ ક્યાં છે... મિત્રો, સહકાર્યકરો, માધવનાં મમ્મી-પપ્પા અને છેલ્લે એક-બે બિઝનેસ અસોસિએટ્સને પણ ફોન કર્યા પછી વૈશ્નવીને સમજાયું હતું કે બપોરથી ઑફિસ છોડીને નીકળી ગયેલો માધવ જિંદગીની એક ભયાનક સમસ્યામાં સપડાઈ ચૂક્યો હતો!

મયૂર પારેખના ફોન પછી વૈશ્નવી એક ક્ષણ માટે પણ ચેનથી બેસી શકી નહોતી. માધવે પાંચ કરોડનું દેવું કેવી રીતે કરી નાખ્યું, શેના કારણે થયું... આ સવાલોના જવાબો ન મળે ત્યાં સુધી વૈશ્નવી માટે પ્રત્યેક પળ એક કલાક જેવી વીતી રહી હતી.

માધવને જ્યાં શોધી શકાય ત્યાં બધે શોધવાનો પ્રયત્ન એ કરી ચૂકી હતી. હવે જ્યાં સુધી એ પાછો ન ફરે ત્યાં સુધી એની રાહ જોયા સિવાય વૈશ્નવી પાસે બીજો કોઈ ઉપાય નહોતો. બેચેન, અકળાયેલી, ગુસ્સામાં અને ચિંતિત વૈશ્નવી સતત આંટાફેરા મારતી રહી. બાલ્કનીમાંથી ડ્રૉઇંગરૂમમાં, ડ્રૉઇંગરૂમમાંથી બેડરૂમમાં ને બેડરૂમમાંથી પાછી બાલ્કનીમાં...

સાંજ ઢળી, રાત પડી ગઈ.

માધવનો ફોન બંધ હતો. એનો કોઈ સંપર્ક થઈ શકતો નહોતો.

માધવ પાછો ફર્યો ત્યારે રાતના સાડા ત્રણ થયા હતા. એ શરાબના નશામાં ધુત હતો...

એ રાત માધવે ડ્રૉઇંગરૂમમાં જમીન પર બદહવાસ સ્થિતિમાં અને વૈશ્નવીએ બેડરૂમમાં જાગીને વિતાવી. સવારે સૂરજ ઊગે એ પહેલાં વૈશ્નવી બાલ્કનીમાં આવીને ઊભી રહી. આળસ મરડીને જાગતું શહેર એની આંખો સામે ધીમે ધીમે પ્રવૃત્ત થઈ રહ્યું હતું. પૂર્વ દિશામાં સૂરજ હવે પૂરેપૂરો ઊગી ગયો હતો. વેસ્ટ ફેસિંગ બાલ્કનીમાં કૂણો તડકો આવવા

લાગ્યો હતો. આ જ તડકામાં બેસીને વૈશ્નવી અને માધવ સવારે ચા પીતાં... વૈશ્નવીની આંખો ફરી છલકાઈ ગઈ, કોની નજર લાગી ગઈ! એ વિચારોમાં ખોવાયેલી હતી ત્યારે અચાનક એના ખભે માધવનો હાથ મુકાયો.

વૈશ્નવીએ હાથ હઠાવ્યો નહીં, પરંતુ એણે પાછળ ફરીને જોયુંય નહીં. માધવે બીજા ખભે બીજો હાથ મૂક્યો. વૈશ્નવીને ભીતરથી ઇચ્છા થઈ કે એ ઝટકો મારીને એના બંને હાથ હઠાવી લે, પણ એ સ્થિર ઊભી રહી.

માધવે પોતાનું માથું વેશ્નવીની પીઠ પર ટેકવ્યું, 'આઇ ઍમ સૉરી.' એણે કહ્યું, 'મને માફ કરી દે.' વૈશ્નવી હજુ પણ એવી જ ભાવવિહીન, સ્થિર ઊભી હતી, 'પ્લીઝ! મને સમજવાનો પ્રયત્ન કર...' માધવે કહ્યું. એનો અવાજ ગળગળો થઈ ગયો. વૈશ્નવી કશું કહે એની પ્રતીક્ષામાં માધવ ચૂપચાપ ઊભો રહ્યો, પણ એ કશું જ બોલી નહીં. થોડી મિનિટોનું મૌન માધવને અકળાવી ગયું, 'મારે તને કંઈ કહેવું છે...'

આ બધી મિનિટો દરમિયાન વૈશ્નવી પોતાની જાત સાથે યુદ્ધ કરી રહી હતી. પોતે આ સંજોગોમાં શું કરવું જોઈએ એનો નિર્ણય કરવાનો પ્રયત્ન કરી રહી હતી. અંતે એણે આંખ મીંચીને ઊંડો શ્વાસ લીધો, મનોમન નક્કી કરી લીધું.

એણે ફરીને પોતાની પાછળ ઊભેલા માધવની આંખોમાં જોયું. પોતાના બંને હાથ માધવના ગાલ પર મૂકીને એનો ચહેરો પોતાના ચહેરાની નજીક લઈ આવી. એક હાથ ઊંચા માધવના હોઠ પર એણે પોતાનું નમણું નાક ઘસ્યું, એણે હતો એટલો વિશ્વાસ, સ્નેહ અને હિંમત પોતાના અવાજમાં ઠાલવી દીધા, 'થવાનું હતું એ થઈ ગયું. હવે આપણે સાથે છીએ.'

'વૈશુ.' માધવની આંખમાંથી ટપકતાં આંસુ વૈશ્નવીના ગાલ પર વહેવા લાગ્યાં. એ બીજું કંઈ બોલી ન શક્યો.

'યાદ છે આપણાં લગ્ન વખતે આપણે શું વચન આપેલું?' વૈશ્નવીએ પોતાના પંજા પર ઊંચાં થઈ માધવના હોઠ પર ચુંબન કર્યું, 'ધર્મે ચ, અર્થે ચ, કામે ચ... નેતિ ચરામિ! ધર્મ, અર્થ અને કામમાં હું ચલિત નહીં થાઉં, હું તારી સાથે રહીશ.' એની આંખો કોરી હતી, અવાજ સ્થિર, 'આવાં વચનો બધાં જ આપતાં અને લેતાં હોય છે. પરીક્ષા આપવાની તક તો કોઈકને જ મળે છે.'

માધવની આંખો આંસુથી છલકાઈ ગઈ હતી. એની સામે ઊભેલી વૈશ્નવી એને ધૂંધળી દેખાતી હતી. એણે બે હાથ પહોળા કરીને વૈશ્નવીને પોતાના બાહુપાશમાં સમાવી લીધી, એવી રીતે ભીંસી દીધી જાણે વૈશ્નવીને એ પોતાની ભીતર ઓગાળી દેવા માગતો હોય. એના બાહુપાશમાં સમાઈ ગયેલી વૈશ્નવીએ પોતાની જાતને વચન આપ્યું, મારે જે કરવું પડે તે કરીશ, પણ માધવને આ સમસ્યામાંથી બહાર કાઢીને રહીશ.

❖

સવાર પડી ગઈ હતી. મરીન ડ્રાઇવ પર હવે માણસોને બદલે ઑફિસ તરફ જઈ રહેલી

ગાડીઓનો ટ્રાફિક વધ્યો હતો. નશામાં ધુત માધવ ઘસઘસાટ ઊંઘતો હતો, પણ વૈશ્નવી મટકુંય મારી શકી નહોતી. માધવને આ પરિસ્થિતિમાંથી કઈ રીતે બહાર કાઢવો એ વિશે એણે ખૂબ વિચાર્યું. પિતા મદદ નહીં કરે એ નક્કી થઈ ચૂક્યું હતું બલકે, ઓળખીતા-પાળખીતા અને સ્વજનો, સગાં-વહાલાંમાંથી કોઈને મદદ કરવા પણ નહીં દે એ પણ વૈશ્નવી અનુભવે એ સમજી ગઈ હતી. સંઘર્ષના દિવસોમાં એણે એ બધા દરવાજા ખખડાવી જોયા હતા, પણ કાકા, મામા, ફુઆ, કઝિન્સમાંથી કોઈએ મયૂર પારેખની ધમકીના કારણે મદદનો હાથ લંબાવ્યો નહોતો, એટલે હવે કોઈને પૂછવાનો અર્થ નહોતો!

પોતાની સામે લગભગ બેહોશ હાલતમાં ઘસઘસાટ ઊંઘતા માધવની સામે જોઈ રહેલી વૈશ્નવીએ મનોમન નક્કી કરી લીધું, 'હું પપ્પાની ભવિષ્યવાણી સાચી નહીં પડવા દઉં. કોઈ પણ રીતે માધવને આ પરિસ્થિતિમાંથી બચાવીશ હું!'

ઘણું વિચાર્યા પછી વૈશ્નવીએ અચકાતાં, અકળાતાં, જાત સાથે અનેક બાંધછોડ કરીને અંતે, માધવના બૉસ અને કંપનીના માલિક કબીર નરોલાનો નંબર ડાયલ કર્યો હતો.

વૈશ્નવી એને ક્યારેય મળી નહોતી, પણ માધવ એના વિશે ખૂબ વાતો કરતો. બિઝનેસ મૅગેઝિન્સ અને અખબારોમાં વૈશ્નવીએ એની તસવીરો જોઈ હતી. 'ફૉર્બ્સ'ના કવર પર જેને સ્થાન મળ્યું હતું એવો આ યુવાન બિઝનેસ ટાઇકૂન હતો. દેખાવડો અને સ્ટાઇલિશ. એક સ્વેગ હતો એના આખા વ્યક્તિત્વમાં. છ ફૂટ બે ઇંચની ઊંચાઈ, કસરતી ખભા, વિશાળ કપાળ અને તીણું નાક. નાકની બંને તરફ ગોઠવાયેલી શિકારી જેવી આંખો. પળભરમાં માણસને એવી રીતે સ્કેન કરી લેતો જાણે કપડાંની આરપાર નહીં, ત્વચાની આરપાર જોતો હોય! કબીર નરોલાના વ્યક્તિત્વમાં કશું ભયાનક ચુંબકીય હતું. એને મળનાર વ્યક્તિ એક જ સમયે એનાથી ભયંકર આકર્ષાય અને એને ભયંકર ધિક્કારે એવું કંઈક વિચિત્ર કૉમ્બિનેશન હતું એના વ્યક્તિત્વમાં. કદીયે ન ભૂલી શકાય એવું વ્યક્તિત્વ, પરંતુ ફરી મળવાની ઇચ્છા ન થાય એવો ભય અને તનાવ ઊભો થઈ જતો એની હાજરીમાં.

કબીર અને માધવની દોસ્તી આખા સ્ટાફ માટે માની ન શકાય એવી ઘટના હતી. છેલ્લાં બે વર્ષમાં કબીર અને માધવ જાણે સગા ભાઈઓ હોય એમ એકબીજાની નજીક આવી ગયા હતા. એ બંને ઝીણામાં ઝીણી વાત શૅર કરતા. ઑફિસમાં તો ભેગા હોય જ, વીકએન્ડ્સ પણ બધા પ્લાન સાથે જ બનતા. છેલ્લા બે વર્ષમાં ત્રણ વેકેશન કરવા વિદેશમાં સાથે ગયા હતા, પણ એ બે જ જણા!

માધવ માટે ધર્મસંકટ થઈ જતું. એને વૈશ્નવીને મૂકીને જવું ગમતું નહોતું. એટલે માધવ દરેક વખતે વૈશ્નવીને સાથે લઈ જવાનો પ્રયાસ કરતો, પણ કબીર ટાળી જતો. એ બૅચલર હતો, પરણેલો નહોતો, પરણવા માગતો પણ નહોતો. એ વૈશ્નવીને લઈ જવાની ના પાડે પછી, માધવને પણ લાગતું કે કદાચ એને વૈશ્નવીની હાજરીમાં ઑડ લાગે, એટલે એ પણ આગ્રહ કરવાનું છોડી દેતો. વૈશ્નવીને મૂકીને જવું એને ગમતું નહીં, પણ કબીરના એટલા ઉપકાર હતા કે એને ના પાડવાની માધવની હિંમત નહોતી થતી.

સાચું પૂછો તો માધવની આ પ્રગતિ, એની બદલાયેલી જીવનશૈલી અને એની સફળતાનું શ્રેય કબીર નરોલાને જ આપવું પડે એમ હતું. કબીરના ઉપકારો નીચે દબાઈ ગયેલો માધવ પોતાનાથી બનતી રીતે એને ખુશ રાખવાનો પ્રયત્ન કરતો રહેતો. સાદી-સીધી મૅનેજરની નોકરી કરવા આવેલા માધવમાં રહેલી આવડત અને હોશિયારી પારખીને કબીરે એને સડસડાટ પ્રમોશન અને જવાબદારી આપવાનું શરૂ કર્યું હતું. માધવને પોતાને સમજાય એ પહેલાં, બે વર્ષના ટૂંકા ગાળામાં માધવને કંપનીનો સીઈઓ બનાવીને કબીરે લગભગ બધી જ જવાબદારી એને સોંપી દીધી હતી! હવે બંને એવા ગાઢ મિત્રો હતા કે, આખી ઑફિસને આટલા ટૂંકા ગાળામાં આવી ગાઢ મૈત્રી જોઈને ખૂબ આશ્ચર્ય થતું.

કબીરનું આ દુનિયામાં કોઈ નહોતું. મિત્રો પણ નહીં...

કબીર બાર વર્ષનો હતો ત્યારે એની મમ્મી ગુજરી ગયેલાં. કબીર 25 વર્ષનો હતો ત્યારે એના પિતા એક 'ટ્રેજેડી'માં ગુજરી ગયેલા એટલું કબીર કહેતો, અથવા ઑફિસમાં પણ એટલી જ જાણ હતી. એ ટ્રેજેડી વિશે કોઈ કશું જાણતું નહોતું. કબીરને ભાઈ-બહેન નહોતાં. અબજોની સંપત્તિનો એકમાત્ર વારસ હતો એ. પચ્ચીસ વર્ષની નાની ઉંમરે એ અનાથ પણ થયો અને પિતાના અબજો રૂપિયાનો વારસદાર પણ! વિચિત્ર હતો, ઓછું બોલતો. ઝડપથી નિર્ણય લેતો અને મોટા ભાગે એના નિર્ણયો સાચા પડતા. માણસને નોકરીએ રાખતાં કે કાઢી મૂકતાં અચકાતો નહીં. આખી ઑફિસના 500થી વધુ સ્ટાફની સામે એ ક્યારેક સ્મિત પણ ન કરતો.

માધવ કંપનીમાં આવ્યો એ પહેલાં કોઈએ કબીરને હસતો જોયો નહોતો. એની પીઠ પાછળ એને 'હિટલર', 'રાક્ષસ', 'વિયર્ડો', 'રાવણ' જેવાં નામે બોલાવનારાની સંખ્યા મોટી હતી. એણે જે ઝડપે બિઝનેસ વધાર્યો હતો અને જે ઝડપે એ પૈસા કમાઈ રહ્યો હતો એ પછી એની સાથે બિઝનેસ કરવા સૌ આતુર રહેતા, પરંતુ ધંધામાં એની શરતો લગભગ અસંભવ જેવી રહેતી. 'માય વે ઑર નો વે' એનો સિદ્ધાંત હતો. એની કંપનીઓમાં પગાર અને કારકિર્દીની તકો ઉજ્જવળ હતી, છતાં બે વર્ષથી વધુ ટકવાનો ભાગ્યે જ કોઈનો રેકૉર્ડ હતો. એની નજર બરદાસ્ત કરવી અઘરી હતી. એ એક નજરમાં માણસને સ્કેન કરી લેતો. વાત કરતી વખતે સામેના માણસને ધારદાર નજરે જોયા કરતો. એની નજર એવી તીખી હતી કે મોટા ભાગના લોકો એની સાથે વાત કરતી વખતે નજર મિલાવવાનું ટાળતા.

કબીર નરોલા નાની ઉંમરે સફળ થઈ ગયેલો એક એવો માણસ હતો જેને ઓળખવા, દોસ્તી કરવા ઘણા લોકો આતુર હતા, પણ એને એક વાર મળ્યા પછી જો ગરજ ન હોય કે જરૂર ન હોય તો એને બીજી વાર મળવાનું ટાળતા. કબીર કોઈ પાર્ટીમાં જતો નહીં કે ક્યારેય પાર્ટી આપતો પણ નહીં. કંપનીની મોટી મોટી સફળતાઓ કે ઍવૉર્ડ્સ વખતે જો પીઆર માટે પાર્ટી યોજાય તો પણ પોતે હાજર ન જ રહેતો.